એકબીજાના પૂરક બનો, શોષક નહીં, તારક બનો મારક નહીં, ઉપકારક બનો, અપકારક નહીં
- રંગ અવધૂત

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર




વર્ષ : (૨૭) અંક નં. ૭૧ | ૨૧ મે ૨૦૧૨, સોમવાર, જયેષ્ઠ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦






ગાંધીનગરમાં ગ્રીષ્મોત્સવ - ગાંધીનગર ઈન્ફોસીટી કલબ રિસોર્ટ ખાતે ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજીત ગ્રીષ્મોત્સવમાં એબીલીટી અનલીમીટેડ ફાઉન્ડેશન દ્વારા શારિરીક વિશિષ્ટ કલાકારોએ અદભૂત નૃત્ય રજૂ કરી ગાંધીનગરના પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. શારીરિક વિશિષ્ટ કલાકારોએ મહાભારતના વિરાટ સ્વરૂપને વ્હીલ ચેર પર નૃત્ય સ્વરૂપે અદભૂત રીતે રજુ કર્યું હતું. જ્યારે બીજી તરફ સુફી સંગીત આધારિત ખ્વાજા મેરે ખ્વાજા રચના પર પણ આ કલાકારોએ નૃત્ય રજૂ કર્યા હતા. આ ઉપરાંત ભરતનાટ્યમનું યોગજતિ નૃત્ય, રામાયણ, વંદેમાતરમ્, ભગળત ગીતા, પંજાબી નૃત્ય ઉપરાંત વિવિધ પ્રાંતોના લોકનૃત્યો રજૂ કરી પ્રેક્ષકોની દાદ મેળવી હતી. (તસવીર : દિપક જાની)

# ખ-માર્ગ ભારે વાહનો માટે બંધ કરવા હિલચાલ

## એકાદ સપ્તાહમાં આ અભિપ્રાય મળેથી 'ખ' રોડને ભારે વાહનોની અવરજવર માટે પ્રતિબંધિત કરી દેવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરનો અત્યંત વિવાદાસ્પદ રહેલ 'ખ' રોડને આગામી દિવસોમાં ભારે વાહનોની અવરજવર માટે બંધ કરવાની ગંભીર વિચારણા તંત્રે હાથ ધરી છે અને આ અંગે જિલ્લા પોલીસ તંત્રનો અભિપ્રાય પણ માંગવામાં આવ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ માર્ગ પર નિર્માણ પામી રહેલ મહાત્મા ગાંધી મંદિરના બીજા તબક્કાનું કામ આગામી દિવસોમાં હાથ ધરાવાનું છે. આ માટેના વર્ક ઓર્ડર પણ આપી દેવામાં આવ્યા છે.

હાલ આ મંદિરના નિર્માણની કામગીરી ચાલુ જ છે અને આ કામગીરી વધુ વેગીલી બનવાની છે ત્યારે અહિથી ભારે વાહનોની અવર-જવર પર રોક લગાવવાનું તંત્ર વિચારી રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે આગામી જાન્યુઆરી માસમાં અહિ બીજી વાયબ્રન્ટ સમીટ યોજાવાની છે. આ ઉપરાંત મહાત્મા મંદિર ખાતે હાલ રાજ્યકક્ષાના તેમજ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના પરિસંવાદો સહિતના કાર્યક્રમોનું આયોજન થાય છે.

ખ રોડ પર ટ્રાફિક ભારણ આમેય વધારે છે. હવે અહિ બાંધકામનો બીજો તબક્કો હાથ ધરાવાનો હોવાથી પણ માર્ગ બંધ કરવાની વિચારણા હાથ ધરવામાં આવી છે. ખ રોડને અગાઉ વાયબ્રન્ટ સમીટના આયોજનને લઈ બંધ એક સપ્તાહ માટે કરવામાં આવ્યો હતો જે ઉલ્લેખનીય છે. આ માર્ગ પર અકસ્માતો વારંવાર થતા હોવાની ફરિયાદ પણ ઉઠી રહી છે. તેમજ મનપાની ચૂંટણી દરમ્યાન આ મુદ્દો રાજકીય મુદ્દો પણ બન્યો હતો. હવે સરકાર આગામી દિવસોમાં ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ લાંબા સમયનો લગાવવાનું વિચારી રહેલ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા કલેક્ટરશ્રીએ પોલીસવડા પાસે આ અંગેનો અભિપ્રાય માંગ્યો છે અને એકાદ સપ્તાહમાં આ અભિપ્રાય મળેથી 'ખ' રોડને ભારે વાહનોની અવરજવર માટે પ્રતિબંધિત કરી દેવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં મહાત્મા મંદિરના બીજા તબક્કાનું નિર્માણ કાર્ય દિવસ રાત ચાલશે. કામ ઝડપથી પૂર્ણ કરવાનું પણ થશે એટલે તંત્રએ આ બાબતમાં અત્યંત ગંભીર બની અને આ વિચારણા હાથ ધરી છે.





Stockiest List - Gandhinagar Dist. :

| Customer Name | City | Mobile No. |
|---|---|---|
| SHREE BRAHMANI TRADERS | ADALAJ | 97236 61259 |
| SHREE PRAMUKH TRADERS | ALAMPUR | 98255 77299 |
| SANJAR SALES | BAHIYAL | 98794 09003 |
| SHRI JALARAM TRADERS | CHANDRALA | 98983 10599 |
| MITA ENTERPRISES | CHHALA | 98988 01021 |
| AESHVI ENTERPRISE | CHILODA | 99253 74003 |
| UMIYA PLYWOOD | CHILODA | 99250 31083 |
| HET TRADERS | DABHODA | 81410 17688 |
| SHRI RAJ TRADERS | DEHGAM | 99748 54284 |
| DEV TRADER & BUILDING MATERIAL | DEHGAM | 99259 58281 |
| DHANLAXMI STEEL TRADERS | GANDHINAGAR | 97260 42556 |
| JAY BHAVNI TRADERS | GANDHINAGAR | 99987 44955 |
| JAY VISAT PIPE TRADERS | GANDHINAGAR | 94284 07632 |
| DALWADI BUILDING MATERIAL SUPP. | GANDHINAGAR | 98981 92761 |
| BHAGWATI MARKETING | GANDHINAGAR | 99250 17137 |
| SHREE GANESH STEEL CORPORATION | GANDHINAGAR | 98986 11879 |
| BRAHMANI TRADERS | KOBA | 99245 06106 |

S. P. : N. M. Enterprise Gandhinagar - 99099 41892

| Customer Name | City | Mobile No. |
|---|---|---|
| MAN ENTERPRISE | KUDASAN | 94270 21817 |
| SHIVSHAKTI TRADERS | LEKAVADA | 99091 82726 |
| BRAHMANI TRADING COMPANY | LIMBODARA | 99984 90278 |
| AVADHOOT TRADERS | MAGODI | 9898790407 |
| SIDHESHWARI CEMENT DEPO | MUBRAKPUR | 94290 63823 |
| VIJAY TRADERS | PALAJ | 99040 81428 |
| SHREE LAXMINARAYAN TRADING CO. | PETHAPUR | 99789 12064 |
| GURUKRUPA TRADERS | RAKHIAL | 96011 94730 |
| PATEL KAMLESH DAHAYABHAI | RANDHEJA | 98242 81435 |
| AMRUTLALA NATHALALSHAH | SADRA | 94284 15202 |
| HETAL TRADERS | SHERTHA | 99984 66457 |
| YOGESHWAR TRADERS | VALAD | 97376 81797 |
| SHREE BHAVANI TRADERS | VAVOL | 99247 40778 |
| SHRI MAHAKALI TRADERS | ZAK | 98258 96111 |
| Company Markteing Staff : | | |
| Kartikey Vyas | | 98796 05116 |
| Kinshuk Dave | | 83475 57002 |